સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

પૂછી પીએ પાણી પણ કોઈ સાચું બોલતું નથી !
'બંધ ચાલુ રાખો' નું ઉડું રહસ્ય એ ખોલતા નથી!
મારવો છે ભસ્માસૂર એને એના જ હથિયારે -
કોરોના કારણે કોઈ કૈં નમતું તોલતા નથી !
(વિરોધ પક્ષી રાજ્યો 'લોકડાઉન' ચાલુ રાખવા કેમ ઈચ્છે છે?)

જન માનસે
જન્મે નિરાશા એવી
છે ગણતરી?!

ચેપના રણે,
ઉઠે આંધી વંટોળ -
રાજકારણ!!

(ટાઢે પાણી ખશ કાઢવાનું રાજકારણ)

ચિંતન

આ પવસ્વ હિરણ્યવદશ્વવત્સોમ વીરવત્ ।
વાજં ગોમન્તમા ભર સ્વાહા ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

ઘરસંસારને યોગ્ય રીતે ચલાવવા માટે મનુષ્યોએ પોતાના પુરુષાર્થ દ્વારા સોનું, પશુઓ અને ધન કમાવા જોઈએ. એના સિવાય ઘરસંસાર પરિપૂર્ણ થતો નથી. ગૃહસ્થાશ્રની ઉન્નતિ પુરુષાર્થમાં સમાયેલી છે.

સંસારનું કોઈ પણ કાર્ય ધન સિવાય આગળ વધી શકતું નથી. તો પછી ઘરસંસારની ગાડી ધન વિના કેમ ચાલે ?

ગરીબો અને અનાથો પાસેથી ઝુંટવેલું, કોઈનું શોષણ કરીને એકઠું કરેલું તથા અયોગ્ય સાધનોથી કમાયેલું ધન અપવિત્ર હોય છે. ગૃહસ્થાશ્રમની સુખસમૃદ્ધિ માટે આર્થિક પવિત્રતા જાળવવી જરૂરી છે. જેમ કમાણીના સાધનો પ્રત્યે સતર્કતા અને સજાગતા જરૂરી છે. તેમ તે ધનનો સદુપયોગ કરવામાં પણ વિશેષ ધ્યાન રાખવું જોઈએ.

સુવિચાર

- વિજેતાઓ વધારે શક્યતાને જોવાની હિંમત કરે છે, એવા લોકો જ કંઈક નવું કરી શકે છે, તેઓ જ શક્યતાને પરિણામમાં પલટાવશે - **એમ. વર્નર**
- 'કરવા' પહેલાં 'હોવું' પડશે, તમારા પાસે કંઈક 'આવે' તે પહેલા તમારે કંઈક 'કરવું' પડશે - **ઝિગ ઝિગ્લર**
- મહાનતાનો સાચો માર્ગ સાદાઈ અને ચીવટતા છે - **સંત રોબિન**
- સમગ્ર સફળતાનો પાયો શિસ્ત છે. તેનો અભાવ નિશ્ચિત રીતે નિષ્ફળતા તરફ દોરે છે - **મુંબઈ સમાચાર**
- સફળતાનું સૂત્ર : ઓછા વચન આપો અને વધારે પાળો - **હેન્રી ફોર્ડ**
- કશુંક કરવું તે કલ્પના કરતાં મોટો કૂદકો છે, તરવા વિશે વિચાર કરવો તે તરવું નથી - **બાર્બરા શેર**
- આજનું ઔષધ : જીરાનો પાઉડર રોજ ફાકવાથી આંખોની ગરમી ઓછી થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અડધી રાતે જયપુરની ધર્મશાળાના દ્વારા પર ટકોરા પડ્યા. ચોકીદારે પૂછ્યું, 'કોણ છો ?'

જવાબ મળ્યો, 'વિદ્યાવાચસ્પતિ, વિદ્યાલંકાર, સિદ્ધાંતશાસ્ત્રી, પ્રવચન પ્રભાવક, વિદ્વતજનવલ્લભ, પંડિત શ્રી દુર્ગાદાસ તુલસીદાસ શાસ્ત્રી.'

ચોકીદારે કહ્યું,'અરે, ભાઈઓ, દ્વાર નહીં ખૂલે, કારણ કે આજે ધર્મશાળામાં આટલા બધા મઆણસોને સુવડાવવાની જગ્યા જ નથી.' 'પંડિતજીએ કહ્યું, 'અરે, ભાઈ, હું એકલો જ છું, મને અંદર આવવા દો.'

ચોકીદારે કહ્યું, 'મને મૂરખ ન બનાવો. હું દરવાજો ખોલું એટલે તમે પાંચ - સાંત જણા અંદર ઘુસી આવવા માંગો છો.'

આપણે પણ પ્રભુના દ્વારે ટકોરા મારીએ છીએ - પણ પદ, પ્રતિષ્ઠા, પ્રભુતા, વિષય વિકારો બધાને સાથે લઈને જઈએ છીએ.

ભવિષ્ય પર કોરોનાનો ઈજારો હોઈ ન જ શકે

તંત્રીસ્થાનેથી...

પ્રખર કાર્ડિયોલોજીસ્ટ પદ્મશ્રી ડૉ. તેજસ પટેલે એમના એક સમયના જુનિયર ડૉ. નેહલ સાધુને મુલાકાત આપતાં કહ્યું હતું કે હવે કોરોનાનું પીક પોઈન્ટ આવી ગયું છે. હવે પછી એ જે ત્વરાએ ઊંચે ચઢ્યું હતું એથી વધુ ઝડપે નીચે ઊતરશે. એટલું ચોક્કસ કે એ સંપૂર્ણપણે નાબૂદ નહીં થાય, પરંતુ દુનિયાને ધીરે ધીરે એની સાથે જીવવાનું ફાવી જશે. કોઈ માથાભારે પાડોશી પહેલવહેલો આપણા વિસ્તારમાં રહેવા આવે ત્યારે શરુઆતમાં એનાથી બહુ ડર લાગતો હોય છે. કોણ જાણે કયારે એ રાતવરત આપણું બારણું ખખડાવી બેસશે. પરંતુ છ મહિના-એકાદ વરસ સુધી એ સોસાયટી સાથે અતડો રહ્યા પછી એવો ઓતપ્રોત થઈ જાય કે એના વિશેનો ભય, આતંક અને અધ્ધરજીવે સેવાતી કહેશત ધીરે ધીરે શમી જાય. ઊલટાની એની નેગેટિવ ઊર્જા સોસાયટી માટે આશીર્વાદરુપ બની જાય - બીજા ગુંજા આ તરફ નજર સુદ્ધાં કરતાં બીએ. કોરોના પણ માનવજાત સાથે એ રીતે જ 'એડજેસ્ટ' થઈ જશે, એમાં શંકાને સ્થાન નથી. પોલિયો અને શીતળાના વાઈરસ સિવાય H_1N_1 કે સ્વાઈન ફ્લ્યુ અને HIV જેવા વાઈરસ આપણી આસપાસ ફરે છે છતાં આપણે હવે એમનાથી ડરતા નથી. રસી શોધાઈ ગયા પછી તો વાઈરસની મારક શક્તિ સાવ જ તળિયે બેસી જતી હોય છે. વાઈરસથી લાખો ગણાં વધારે મારક બૅક્ટેરિયા એન્ટિબાયોટિક્સની ઢાલ સામે ટાંય ટાંય ફીસ થઈ ચૂક્યાં છે. કયારેક મહારોગ તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા ટીબી અને પ્લેગ જેવા રોગો અથવા વિશ્વયુદ્ધોમાં થયેલા જાનહાનિ કરતાં વધુ લોકોનો ભોગ લેનાર મેલેરિયાનાં જીવાણું જીવે જ છે - પણ કાળા માથાના માનવીનો એ વાળ વાંકો કરી શકતા નથી. માનવીએ એમની દવા શોધી કાઢી છે. કોરોના નવો વાઈરસ હોઈ એની રસી કે દવા શોધવામાં વખત તો લાગે. દરેક પ્રગતિશીલ દેશ એની પોતપોતાની રીતે એ પુરુષાર્થ કરી જ રહ્યો છે. ચીન અને ઈઝરાયેલે કદાચ એ કાર્ય પાર પણ પાડ્યું છે અને અમેરિકા તથા ભારત એ દિશામાં સક્રિય છે. આ બધું સમય સાથે સિદ્ધ થશે અને ભવિષ્યની પેઢીઓ માટે 'કોરોનાકાંડ' એક દુ:સ્વપ્ન સમી ઐતિહાસિક દુર્ઘટના બની રહેશે. એથી જે અપરિમેય આર્થિક નુકશાન પહોંચ્યું છે કે દુનિયાભરમાં આતંક છવાયો છે; માણસ માણસથી વેગળો પડી ગયો છે - તે સ્થિતિની કલ્પના સુદ્ધાં કોરોનાકાળમાં જન્મેલી પેઢી ભાગ્યે જ કરી શકશે. જેણે કોરોનાનો આતંક નરી નજરે નિહાળ્યો છે તેવા આપણે બધા પણ લોકડાઉનની લાચારી ઓળંગીને ઓનલાઈન કવિ સંમેલનો, વેબીનારો યોજી શકીએ છીએ; ટીકટોક વીડિયો બનાવી મજાક મસ્તી કરી શકીએ છીએ. સોશિયલ મીડિયા એની પૂરી તાકાત સાથે મહારથીઓની પોલ ખોલી રહ્યું છે; જયાં શંકા જ કરવી જોઈએ ત્યાં પણ એ અવનવા પ્રશ્નો ઊભા કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોનાની આફતને દેશ માટે નહીં પણ ખુદ પોતાના માટે અવસરમાં ફેરવી રહ્યા છે - એવા છડેચોક આપેક્ષો કરવાની આ દેશના નાગરિકોને આઝાદી છે. લોકડાઉન એ લોકડાઉન છે, તે ઈમર્જન્સી નથી કે જયાં નાગરિકના અભિવ્યક્તિના અધિકારો છીનવી લેવાયા હોય. આગામી સમયમાં જયારે દુનિયા પુનઃ ધમધમતી થશે ત્યારે શરુઆતના કેટલાક મહિના કદાચ જનતાને મોઢે માસ્કનું ઢાંકણ જરૂર હશે, પરંતુ મોઢું બંધ રાખવા નહીં ટેવાયેલો એકવીસમી સદીનો સ્વતંત્ર માનવી એક દિવસ એ મહોરું પણ ફગાવી દઈ કોરોના સામે છેલ્લું અટ્ટહાસ્ય કરશે તે નક્કી છે. ભવિષ્ય કોરોનાનું હોઈ જ ન શકે. એ માત્ર અને માત્ર મનુષ્યની સંપદા છે - એનો જ ઈજારો છે.

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા, કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા, કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

- પ્યાર કા પંચનામા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

લવ રંજન દ્વારા દિગ્દર્શિત 'પ્યાર કા પંચનામા' ૨૦૧૧માં આવેલી લૉ બજેટ ફિલ્મ હતી. સુમિત સકસેના અને વૈભવ સુમન આ ફિલ્મના સંવાદ લેખક છે. નોકરી અને તેની મજબૂરી ઉપર કંટાળીને ફિલ્મના સહ અભિનેતા દિવ્યેન્દુ શર્માના મુખે આ સંવાદ બોલવામાં આવ્યો છે.

નોકરી એટલે સંપૂર્ણ ઓશિયાળા વૃત્તિ. સદાય ઉપરી અધિકારીના કહ્યામાં રહીને, તેમને ગમે તેવી ધડ-માથા વગરની વાત પણ હસીને સહન કરવી પડે છે. સપ્તાહના સાતેય દિવસ ગમે ત્યારે ગમે તે ઘડીએ આપણે નોકરિયાત વર્ગે ૨૪ ૭ સતત માત્ર બૉસની હા જી હા કરીને, આપણી પોતાની કોઈ વિચારદારા નહીં પરંતુ માલિકની ઈચ્છા પ્રમાણે જ જીવવું પડે છે, માટે ઉપરોક્ત સંવાદ આવી જ પરિસ્થિતિઓ વખતે બોલાયેલ છે.

લગભગ દ્દ૭ી સદીમાં વિશાખદત્ત નામ સંસ્કૃત વિદ્વાને 'મુદ્રા રાક્ષસ' નામક એક નાટક લખ્યું હતું. જેમાં ચાણક્ય અને રાક્ષસ મુખ્ય પાત્ર તરીકે છે. આ નાટકમાં વિશાખદત્તે લગભગ આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં લખેલ આ કૃતિમાં આવા જ અર્થ - સામ્યતાવાળો એક શ્લોક મળી આવે છે.

જોવાની ખૂબી એ છે કે નોકરિયાત વર્ગની પરિસ્થિતિમાં ૧૫૦૦ વર્ષ પછી પણ કોઈ જ ફરક પડ્યો નથી.

ભેતવ્યં નૃપતેસ્તતઃ સચિવતો રાજ્ઞસ્તતો વલ્લભા
દન્યેભ્યશ્ચ વસન્તિ યસ્ય ભવને લબ્ધપ્રસાદા વિટા : ।
દેન્યાદુન્મુખદર્શનાપલપનૈઃ પિણ્ડાર્થમાયસ્યતઃ
સેવાં લાઘવકારિણી કૃતધિયઃ સ્થાને શ્વવૃત્તિં વિદુઃ ॥

(પહેલા) રાજાથી ડરવાનું, પછી મંત્રીથી, પછી રાજાના માનીતા માણસોથી, પછી બીજા જેઓ ભવનમાં રહે છે, તથા જેમણે રાજાની કૃપા મેળવી છે તેવા લહેરી લાલાઓથી. રોટલા માટે ગરીબડા બનીને, માલિક સામે ઊંચું મોઢું રાખીને જોઈ રહીને તથા (મીઠું - મીઠું) આડું અવળું બોલીને મહેનત કરનારની હલકા પાડનારી નોકરીને યોગ્ય રીતે જ બુદ્ધિશાળી માણસો કૂતરાની વૃત્તિ કરે છે.

માટે જ આપણે ગુજરાતીઓ તો કહીએ છીએ ને કે, ભાઈ ! તું તારું સપનું પોતે પૂરું કરી લે નહીંતર કોઈ તમને નોકરીમાં રાખી લેશે પોતાનું સપનું પૂરું કરવાં માટે...

- jayuoza@gmail.com, Mo.9898046488

'બાય બાય કોરોના' વિષય પર કવિતા વેબિનાર

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● પ્રવર્તમાન સમયમાં 'કોરોના કહેર'ના પરિણામે પ્રવર્તતી 'લૉકબંધી' અને કલમ ૧૪૪ની અમલવારીના કારણે; લોકો એકસાથે એકઠા મળે નહીં તે માટે અને માતૃભાષા ગરવી ગુજરાતીમાં ખેડાણ/સંવર્ધન પણ થાય તે સારું, તા.૧૭-૫-૨૦૨૦ ને રવિવારે, સાંજે ૪-૦૦ વાગે, ઑનલાઈન, વેબીનાર માધ્યમથી, ગાંધીનગર સાહિત્ય સભા; રોટરી કલબ, અમદાવાદના પ્રમુખ ડૉ.દર્શન શાહ અને રોટરી કલબ, ગાંધીનગરના પ્રમુખ શ્રી ધર્મેન્દ્ર પટેલના સંયુક્ત ઉપક્રમે યોજાનાર, 'શામ-એ-ગઝલ'કાર્યક્રમમાં, 'બાય બાય કોરોના' વિષય થી કવિઓ કોરોનાની દવા કવિતાથી કરશે ;જેમાં કવિગણશ્રી: કિશોર જિકાદરા,સંજય થોરાત, પ્રતાપસિંહ ડાભી અને કવયિત્રી અનિલા શાહ પોતાનાં કાવ્ય /ગઝલ પીરસશે.આ કાર્યક્રમનું ઑનલાઈન સંચાલન, આકાશવાણીના ઉદઘોષક નેહલ ગઢવી કરશે.

● મહાત્મા ગાંધી સાહિત્ય મંચ, ગાંધીનગરના અધ્યક્ષ ડૉ.ગુલાબચંદ પટેલ દ્વારા પણ તા.૧૫-૫-૨૦૨૦ ના રોજ બપોરના ૨-૦૦ વાગ્યે ઑનલાઈન કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું, જેનું ઉદ્ઘાટન મૂર્ધન્ય સાહિત્યકાર/નવલકથાકાર ડૉ.કેશુભાઈ દેસાઈના કરકમળથી, બીજેપી પ્રમુખમહેન્દ્રભાઈ પટેલ (દાસ)ની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું ; જેમાં લગભગ ૫૬ કવિ કવયિત્રીઓએ હરખભેર ઑનલાઈન, કવિ સંમેલનમાં ભાગ લીધો હતો.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ફૂલછાબ : ફુળ અને મૂળ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ઈતિહાસનું એક વિશેષ મૂલ્ય છે. ઈતિહાસની મહત્વની ઘટનાઓનો અભ્યાસ કરી તેનો નિષ્કર્ષ મેળવી શકાય છે. જરૂરી એ છે કે આવા તારણનો ઉપયોગ આપણા ભવિષ્યના નિર્માણ માટે માર્ગદર્શક બની રહે. દરેક પ્રદેશ કે રાજ્યનો એક વિશિષ્ટ સાંસ્કૃતિક ઈતિહાસ હોય છે. અઢારમી સદીના અંત ભાગનો ઈતિહાસ સૌરાષ્ટ્ર રાજ્યમાં અંગ્રેજોનું શાસન કેવી રીતે પ્રવેશ પામ્યું અને સ્થિર થયું તેનો રોચક તથા આશ્ચર્ય ઉપજાવે તેવો છે. ઈસ્ટ ઈન્ડિયા કંપની એક વેપારી તરીકે ભારતમાં આવે છે. સુરત સહીતના દેશના મહત્વના બંદરો પર તેમણે મોગલ શાસકોની પરવાનગી લઈને પોતાની કોઠીઓ ઊભી કરી. લગભગ બે સદીના શાસનનો ઊંડો પાયો નાખવાનો આ ચાતુરાઈભર્યો પ્રયાસ હતો. ધીમે ધીમે અંગ્રેજોએ પોતાની સત્તાનો પ્રભાવ વધાર્યો. અઢારમી સદીમાં સૌરાષ્ટ્રના ૨૨૨ જેટલા નાના કે મોટા રજવાડાઓ હતા. એક ઉક્તિ પણ તે સમયે નાના એવા સૌરાષ્ટ્રમાં અનેક રજવાડા હતા તે સંદર્ભમાં વિખ્યાત થયેલી.

કાઠિયાવાડના ફાંકડા રાજા
સ્ટેશન થોડા અને જંકશન જાજા !

એક તરફ આવી સ્થિતિ હતી. બીજી તરફ ગાયકવાડી વડોદરા રાજ્યની આવકનો મહત્વનો ભાગ કાઠિયાવાડના આ રાજવીઓની ખંડણીમાંથી આવતો હતો. કાઠિયાવાડમાં પણ કેટલોક ભાગ ગાયકવાડની હકૂમત હેઠળ હતા. સૌરાષ્ટ્રમાં ગાયકવાડી શાસનનું મુખ્ય કેન્દ્ર અમરેલી હતું. ઉપરાંત ઓખામંડળમાં પણ ગાયકવાડી શાસનનો પ્રભાવ હતો. અમરેલીમાં ગાયકવાડી સૂબાનું મથક હતું. સામાન્ય રીતે જો આવી ખંડણી વાજબી હોત અને તેની ઉઘરાણીમાં કોઈ ત્રાસ ન હોત તો રજવાડાઓનો આ ખંડણી સામેનો વિરોધ ઉગ્ર ન થયો હોત. વડોદરા રાજ્યની નબળી આર્થિક પરિસ્થિતિમાં તેઓ શસસ્ત્ર સૈનિકો સાથે સૈનિકોનું જૂથ કાઠિયાવાડમાં મોકલતા હતા. કાઠિયાવાડના રાજવીઓ – ગિરાસદારો પાસેથી મનફાવે તેટલી ખંડણી ઉઘરાવતા હતા. નાના મોટા સંઘર્ષ પણ થતા હતા. રાજવીઓ તથા તેમના સૈનિકોની ખુવારી થતી હતી. મરાઠા તેમજ આરબ સૈનિકોના આ દળ સૌરાષ્ટ્રને ઘમરોળતા હતા. આ સ્થિતિનું નિવારણ કેવી રીતે કરવું ? ગાયકવાડીને કોણ અંકુશમાં રાખી શકે ? આથી ગિરાસદારો – રાજવીઓ વગેરે વડોદરાના બ્રિટિશ રેસિડેન્ટ કર્નલ વોકરને મળ્યા. તેમણે સામુહિક રીતે કર્નલ વોકરને આ સ્થિતિમાંથી ઉગારી લેવા માટે વિનંતી કરી. કાઠિયાવાડની મધ્યમાંજ રાજકોટ ખાતે બ્રિટિશ અમલદારનું થાણું શરૂ થયું. આમ થયું તેથી ગાયકવાડે પોતાનાથી અનેક ગણી બળવાન સત્તા સામે નમતું જોખવા સિવાય ઉપાય ન હતો. પરંતુ તે સાથેજ દેશના એક મહત્વના ભાગનો કબજો અંગ્રેજોના મજબૂત હાથમાં આવ્યો. ઈતિહાસે આ ઘટના વેદના સાથે કદાચ નોંધી હશે. અંગ્રેજોના શાસનમાં રાજવીઓ દિવસે દિવસે નબળા અને આજ્ઞાંકીત થતા ગયા. પરંતુ આ કાઠિયાવાડની કથામાં ત્યાંજ જન્મેલા એક મહામાનવે આ મહાસત્તાના આધિપત્યને ખુલ્લેઆમ પડકાર્યું અને અંતે સત્તાનું પરિવર્તન થયું. સૌરાષ્ટ્રના આ યુગપુરુષે હિન્દુસ્તાન સહિત વિશ્વના તમામ બંધકોની મુક્તિ માટે ચિંતા કરી અને હિન્દુસ્તાન ૧૯૪૭માં સ્વાધિન થયું.

મહાત્મા ગાંધી પ્રેરીત આ સમગ્ર ચળવળમાં અમૃતલાલ શેઠ જેવા પત્રકાર અને સૌરાષ્ટ્ર 'રોશની' તેમજ 'ફૂલછાબ' નો મહત્વનો ફાળો રહ્યો. વર્તમનપત્રો કે નિડર પત્રકારત્વનું કેટલું મોટું મૂલ્ય છે તેની સુઆયોજિત અને ક્રમબધ્ધ વિગતો જયમલ્લભાઈ પરમારે નોંધી. આ બધી નોંધ કે લેખોના આધારે 'ફૂલછાબ ફુળ અને મૂળ' નામના મહત્વના ગ્રંથનું પ્રકાશન થયું. પ્રવીણ પ્રકાશન દ્વારા આ પુસ્તકનું પ્રકાશન થયું છે. કુન્દનભાઈ વ્યાસ તેમજ જન્મભૂમિ જૂથના લોકો પણ આ કાર્ય માટે અભિનંદનને પાત્ર છે.

કોઈ અખબારનો ઈતિહાસ ગુજરાતી ભાષામાં કદાચ પેલી વખત પ્રસિધ્ધ થાય છે તેવું ભાઈ રાજુલ દવેનું મંતવ્ય યોગ્ય જણાય છે. પરંતુ 'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ' ના ઈતિહાસ સાથે એક આખા પ્રદેશનો વિવિધતાપૂર્ણ ભાતીગળ ઈતિહાસ જોડાયેલો છે. ફૂલછાબના તંત્રી કૌશિક મહેતાએ લખ્યું છે તેમ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અખબારોનો ઈતિહાસ 'હટકે' છે. કારણ કે એની સીધી નિસબત રાજા રજવાડાના જુલમ સામે પ્રતિકારની હતી.

સૌરાષ્ટ્રના તંત્રી અમૃતલાલ શેઠ એ સમર્થ પત્રકાર હોવા ઉપરાંત હીરાને પારખી શકે તેવા ઝવેરી પણ હતા. આથી તેમણે ઝવેરચંદ મેઘાણીના પાણીદાર લખાણો જોઈને તેમને સૌરાષ્ટ્રમાં જોડાવા માટે આગ્રહ કર્યો. અમૃતલાલ શેઠના આ પગલાથી એક અભૂતપૂર્વ એવું ઐતિહાસિક કાર્ય થયું. સૌરાષ્ટ્ર અને ત્યારબાદ ફૂલછાબના માધ્યમથી જનસામાન્યની વેદનાને અસરકારક વાચા મળી. જન્મભૂમિ જૂથ જેવા પ્રતિષ્ઠિત અખબાર જૂથના પણ શ્રીગણેશ થયા. 'જન્મભૂમિ' ના જનક તરીકે પણ ઈતિહાસમાં અમૃતલાલ શેઠનું સ્થાન ચિરસ્થાયી રહેશે. મેઘાણીને પણ તેમના કાર્યમાં જોડાઈને મદદ કરનાર બે સમર્પિત લોકો મળ્યા. બન્ને સ્વાધિનતા સંગ્રામના પ્રખર તેમજ નીડર સૈનિક હોવા ઉપરાંત સાહિત્ય અને કલાના અનેકવિધ પાસાના મર્મજ્ઞ હતા. આ બન્ને સ્થંભ સમાન જવાબદારી વહન કરનાર એવા જયમલ્લ પરમાર તેમજ નિરંજન વર્મા હતા. મેઘાણીભાઈ તેમને માટે લખે છે : '' ભાઈ નિરંજન અને જયમલ્લ એ બન્ને ફૂલછાબના તંત્રીમંડળ પર છે અને ફૂલછાબના પત્રકારત્વ માટે મેં નિરધારેલું જે સંસ્કારવિધાન, તેને અમલમાં લાવવામાં તેમનો મોટો હાથ છે. '' નિરંજન વર્મા કાલાવાડ તાલુકાના રાજડા ગામના બાદાણી શાખાના ચારણ હતા. માગ્ર ચોત્રીસ વર્ષની આવરદા ભોગવીને નિરંજન ગયા. માત્ર આપણા રાજ્યનાજ નહિ પરંતુ દેશના શ્રેષ્ઠ ક્રાંતિકારીઓમાં નિરંજન સ્થાન મેળવી શકે તેવી વીરતાના જીવંત પ્રતીક સમાન હતા.

વર્તમાનપત્રોની ભૂમિકા દેશના સ્વાંતંત્ર્ય સંગ્રામમાં મહત્વપૂર્ણ હતી. ''હરિજન'' કે 'નવજીવન' ના માધ્યમથી ગાંધીજી પણ રાજકીય – સામાજિક ચેતના જાગૃત કરવાનું કાર્ય કરતા હતા. સૌરાષ્ટ્રની સમગ્ર ચળવળ તથા તેમાં ફૂલછાબ જેવા વર્તમાનપત્રોનો ફાળો એ ભાતીગળ ઈતિહાસ જયમલ્લભાઈએ ઐતિહાસિક બાબતોની ચોકસાઈ તેમજ હેતુલક્ષી રીતે લખ્યો છે. અમૃતલાલ શેઠ અને જન્મભૂમિ જૂથના 'સૌરાષ્ટ્ર' તથા 'ફૂલછાબ' ના ઉલ્લેખ સિવાય કાઠિયાવાડના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ અપૂર્ણ રહે છે.

જેમ દેશની દોલત વધતી જાય છે તેમ તેમ દેશની નીતિ શિથિલ પડતી જાય છે : મહાત્મા ગાંધી

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

'મને લાગે છે કે જેટલે અંશે આપણે હાલની ભોગની ઘેલછાને આપણી નેમ તરીકે માન્ય કરીએ છી, તેટલે જ અંશે પ્રગતિના માર્ગે આગળ વધવાના બદલે પાછા પડીએ છીએ. એટલે જ, મેં મારો વિચાર રજૂ કર્યો છે કે આર્થિક પ્રગતિએ ખરી પ્રગતિને પ્રતિકૂળ છે. આર્થિક પ્રગતિનો જે વિચાર આપણે કરીએ છીએ તેનો સબળમાં સબળ ઉત્તર, પ્રત્યક્ષ રીતે, જગતના સૌથી મોટા ઉપદેશકોના જીવનમાંથી મળે છે.'

- ઉપરોક્ત શબ્દો મો.ક. ગાંધીના છે. ડિસેમ્બર ૨૨, ૧૯૧૬ના રોજ અલ્હાબાદની મ્યુર કૉલેજ ઈકોનોમિક સોસાયટીના ભૌતિકવિજ્ઞાન સભાખંડમાં 'શું આર્થિક ઉન્નતિ સાચી ઉન્નતિની વિરોધી છે?'- એ વિષય ઉપર મહાત્મા ગાંધીએ ભાષણ આપ્યું હતું. આ સભાના પ્રમુખપદે પંડિત મદનમોહન માલવિયા હતા. હિંદી અને યુરોપિયન સ્ત્રી-પુરુષોની સારી એવી સંખ્યા હતી.

બૌદ્ધિકોની બહોળી સંખ્યા સાથેની આ સભામાં ગાંધીએ જે કહ્યું તેની વાત પર જઈએ. ગાંધી કહે છે આપણા સાધુસંતોના લખાણોમાંથી અહીં કહી સંભળાવી તમારું અપમાન કરવા માગતો નથી. પણ જયારે આર્થિક ઉન્નતિના પ્રશ્નનો આપણે વિચાર કરીએ છીએ તેનો સબળમાં સબળ ઉત્તર, પ્રત્યક્ષ રીતે જગતમાં સૌથી મોટા ઉપદેશકોના જીવનમાંથી મળે છે. જિસસ, મહંમદ, બુદ્ધ, નાનક, કબીર, ચૈતન્ય, શંકર, દયાનંદ, રામકૃષ્ણ હજારો માણસો ઉપર અત્યંત કાબુ ધરાવતા હતા અને તેઓના ચારિત્ર્ય ઘડવામાં નિમિત્તભૂત થયા હતા. તેઓના જીવનથી જગત વધારે સંપન્ન બન્યું છે અને એ બધા નરોએ બુદ્ધિપૂર્વક દરિદ્રતાનો સ્વીકાર કર્યો હતો.

આર્થિક પ્રગતિ ખરી પ્રગતિને પ્રતિકુળ છે. તેથી જ પ્રાચીન આદર્શ સંપત્તિ સંપાદન કરવાની પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવાનો હતો. આથી ભોગની લાલસાનો નાશ થઈ જાય છે એમ નથી. એક સમયે આપણી ભૂમિ એક વખત દેવોનું નિવાસસ્થાન હતું. આજે આ દેવોના નિવાસની ભૂમિ મિલની ચિમનીના ધૂમાડાથી અને તેના ઘોંઘાટથી જોવી ન ગમે તેવી કદરુપી થઈ છે, અને જેના રસ્તા ઉપર

જે વસ્તુ અમેરિકા માટે સારી હોય તે ભારત માટે પણ સારી જ હોય નહીં

ખીચોખીચ ભરેલા ઘણા ડબ્બાઓ ખેંચી જતા એન્જિનો વેગથી દોડી રહ્યા છે, તે ભૂમિ દેવોનું નિવાસસ્થાન રહે એ કલ્પી શકાતું નથી. (યાદ રહે કે ગાંધી ડિસેમ્બર, ૧૯૧૬માં કહી રહ્યા છે.)

ભૌતિક પ્રગતિનાં ચિહ્નરુપે જે રજૂ કરવામાં આવે છે તેનાથી આપણા જીવનમાં સુખનો વધારો થતો નથી. એવો ઉલ્લેખ કરતાં સમાજ વિજ્ઞાની વૉલેસના મતને ટાંકે છે. વૉલેસે અંગ્રેજી પ્રજા સંપત્તિ મેળવીને કઈ સ્થિતિએ પહોંચી છે એનું વર્ણન કરતાં લખ્યું હતું કે ઈંગ્લેન્ડમાં ઊભા થયેલા કારખાનાં સ્ત્રી-પુરુષ અને બાળકોનાં ભોગે ઊભા કરવામાં આવે છે, જેમ જેમ દેશની દોલત વધતી જાય છે તેમ તેમ દેશની નીતિ શિથિલ પડતી જાય છે. ગામની અસુઘડતા, પ્રાણઘાતક ધંધાઓ, માલમાં ભેળસેળ કરવાની યુક્તિ, લાંચ અને જુગાર જેવી બાતો ઘૂસી જાય છે. સંપત્તિ વધવાથી ન્યાયમાં અનીતિ પેઠી છે. લંડન તેમજ ધનિકોના ગ્રામનિવાસોમાં વારંવાર અનેક પ્રકારની ભોગલીલા થતી જોવામાં આવે છે. જેવી રોમના અધમમાં અધમ સમ્રાટના સમયમાં પણ ભાગ્યે જ થતી.

મહાત્મા ગાંધી પોતાની વાત આગળ ધપાવતા કહે છે કે 'બ્રિટીશ છાયા હેઠળ આપણે ઘણું શીખ્યા છીએ, પરંતુ મારી દૃઢ માન્યતા છે કે બ્રિટન પાસેથી આપણે વાસ્તવિક નીતિના વિષયમાં ભાગ્યે જ કંઈ મેળવવાનું છે; અને જો આપણે સાવચેત નહીં રહીએ તો ભોગપ્રધાનવાદના રોગને લઈને બ્રિટન જે દોષોનો ભોગ થઈ પડ્યું છે તેને આપણે આપણા દેશમાં દાખલ કરી દેશું. જો આપણે આપણી સંસ્કૃતિને વળગી રહીશું, અને આપણો નૈતિક વ્યવહાર સરળ રાખશું, એટલે કે ભવ્ય ભૂતકાળમાં ગીત ગાવાના બદલે, આપણે તે સમયના જેવું જ જીવન ગાળશું, તો જ બ્રિટન સાથેના સંબંધમાંથી લાભ મેળવી શકીશું. તે આપણને અમલદારો પૂરા પાડે છે, એટલે જ આપણે તેની નકલ કરીએ છીએ. પરંતુ તેમ કર્યેથી બંનેની અધોગતિ થાય છે. આપણે આદર્શોથી ડર્યા વગર યથાશક્તિ તેનું પાલન કરવું જોઈએ. જયારે આપણી પ્રજા સુવર્ણ કરતાં વિશેષ સત્ય, સત્તા અને સંપત્તિના આડંબર કરતા વિશેષ નિર્ભયતા અને સ્વાર્થ કરતાં વિશેષ ઔદાર્ય બતાવશે, ત્યારે જ તે ખરી ધાર્મિક પ્રજા થશે. જો આપણાં મહેલોમાં, આપણાં મંદિરોમાં, આપણા ઘરોમાં, આપણે ધનની સત્તાને બદલે નીતિની સત્તા સ્થાપશું તો જબરી સેનાનો ભાર વહોર્યા વિના પણ આપણે ગમે તેવા શત્રુના સમૂહ સામે લડી શકશું. જો આપણે પ્રથમ દેવદરબારની અને દેવની ઋજુતાની શોધ કરીશું તો પછી કદી ખોટું ન પડે એવું વચન છે કે અર્થશાસ્ત્ર નથી. અર્થશાસ્ત્રના જે નિયમો નૈતિક સિદ્ધાંતો સાથે સુસંગત હોય તેમાંના ઘણાખરાં બધી પરિસ્થિતિમાં અને બધે સ્થળે લાગુ પડે એવો હાય છે. પરંતુ અમુક ચોક્કસ ક્ષેત્રોમાં એને લાગુ પાડતી વખતે એમાં થોડો ભેદ કે ફેરફાર કરવો પડે એવું બને. આ ઉલ્લેખ સાથે ચેતવણીનો સૂર કાઢતાં કહ્યું કે હિન્દુસ્તાનની પરિસ્થિતિ ઈંગ્લેન્ડ અને અમેરિકાની પરિસ્થિતિ કરતા મૂળ બાબતોમાં એવી તો ભિન્ન છે કે અર્થશાસ્ત્રીઓ સમક્ષ જે બાબતો આવી પડે તે બાબતો વિષે તેમણે નવી દૃષ્ટિથી વિચાર કરવો જોઈએ.'

હિન્દુસ્તાન માટે ખૂબ જ જરુરી છે એવા વ